# અહેસાસ

નિરાશા અને હતાશા એના તન-મનને એટલી તો ઘેરી વળી કે હવે આગળ એક ડગલુંય ભરવું દોહ્યલું હતું. એ ઢગલો થઈ જમીન પર ફસડાઈ પડ્યો. જોકે જમીન તો કેટલાક ઇંચ નીચે હતી. ઉપર તો બરફનું જાડું પડ જામ્યું હતું. ઠંડાગાર વાતાવરણ વચ્ચે એ અવળા મોંએ પાંચ મિનિટ પડી રહ્યો. ચહેરો થીજવા આવ્યો એટલે એ ચત્તો થયો. વાદળઘેરું આકાશ અવિરત હિમપાંખડીઓ વરસાવી રહ્યું હતું. એણે બધી આશાઓ છોડી દીધી હતી. હવે આસમાનમાંથી સાક્ષાત્ ઈશ્વર ઊતરી આવે તોય ઊભા નથી થવું એવો દૃઢ નિશ્ચય એ કરી ચૂક્યો હતો. મોત આવે તો ભલે આવે, છો ને શરીર ઠંડું પડી જતું પણ એ ઊભો તો નહીં જ થાય. નિરાશાની ચરમસીમાનો અહેસાસ થતાં એણે આંખો બંધ કરી દીધી. ઈશ્વરે પણ એની ઇચ્છાને માન આપી બંને આંખો પર એક એક હિમપાંખડીનું અર્ધ્ય ચડાવ્યું. એનું શરીર હવે નિશ્ચેતન બનવાની અણી પર હતું કે અચાનક એને કોઈ વિપરીત અહેસાસ થયો. દૂરથી આવતો ધ્વનિ એનું ધ્યાન ખેંચી રહ્યો. એણે મહામહેનતે ડોકું ઊંચું કરી આસપાસ જોયું. અનંત સુધી ફેલાયેલા ધવલ બર્ફસ્તાનની વચ્ચે ચોતરફ સ્મશાનવત્ શાંતિ પથરાયેલી હતી. એટલામાં વળી એક અદૃશ્ય અવાજે એના કાનમાં ટપલી મારી. હવે એનું ધ્યાન બરાબરનું ખેંચાયું.

“આ શું કરી રહ્યો છે, નિયો? હિંમત હારીને આમ ફસડાઈ પડવાનું તું ક્યારથી શીખી ગયો?”

નિયો આમતેમ જોઈ રહ્યો. એને ખ્યાલ આવી ગયો કે આ એના પિતાનો અવાજ હતો.

"પપ્પા, હું છેલ્લા ત્રણ દિવસથી અવિરત ચાલી રહ્યો છું. આશાનું એકેય કિરણ દેખાતું નથી. હવે મારે આગળ નથી વધવું. બસ, હવે બહુ થયું." નિયોએ કાકલૂદી કરી.

"છોડી દે આ બધા વેવલાવેડા. ચાલ ઊઠ, ઊભો થા. હિંમતવાન બન. એમ કાંઈ થોડું પરિસ્થિતિને તાબે થઈ જવાય? તારી માએ ખાધેલી સવાશેર સૂંઠનું શું? તારા કર્તવ્યનું શું? તારી મર્દાનગીનું શું? ઉંદરડા જેવી વાતો મૂક અને સાવજ બન. સાવજ તરીકે લડતાં મૃત્યુ પામીશ તોય ચાલશે પણ હથિયાર હેઠાં મૂકીશ એ તો સહેજે નહીં ચાલે." પ્રિયજનો સામે યુદ્ધની કલ્પનાથી ડરીને હથિયાર હેઠાં મૂકેલા અર્જુનની વહારે જાણે શ્રીકૃષ્ણ આવ્યા.

"પણ મારા શરીરમાં હવે ઊર્જા..."

"છોડ એ પણ ને બણ. ચાલ ઊભો થા. આગળ વધ. જો પેલો પહાડ હવે હાથવેંતમાં જ છે. એ પહાડ જ તો તારું લક્ષ્ય છે ને! વીંધી નાખ એને." આદેશાત્મક અવાજની તીવ્રતા ચરમસીમા પર પહોંચી.

નિયો હતું એટલું બળ એકઠું કરીને ઊભો થયો. એના આશ્ચર્ય વચ્ચે શરીર ઠીકઠીક ઊર્જાવાન જણાઈ રહ્યું. મનમાં અચાનક જ જોમ અને જુસ્સાનો ધોધ વહી નીકળ્યો. નિયો સમજી ન શક્યો કે ક્ષણ-બે ક્ષણમાં એવું તો શું બની ગયું કે અચાનક ઊર્જાની સરવાણી વહી નીકળી?

• • •

સૂરજની અજબ-ગજબ ગતિ હવે દિવસને ટૂંકો-અતિટૂંકો કરી રહી હતી અને રાત્રી એની લંબાઈ વધારે જ જતી હતી. સૂરજ ક્ષિતિજ પર ઊગીને ક્ષિતિજરેખા પર થોડી ચહલકદમી કરીને ક્ષિતિજ પર જ આથમી જવા લાગ્યો હતો. ધ્રુવરાત્રીની શરૂઆત હવે હાથવેંતમાં જ હતી. સ્વાલબાર્ડમાં થતી ચહલપહલમાં વધારો થઈ ગયો. લાંબી ધ્રુવરાત્રી શરૂ થાય એ પહેલાં સૂકા ખોરાક સહિતની કેટલીક આવશ્યક ચીજવસ્તુઓ ઘરમાં એકઠી કરી લેવી સારી. જોકે ધ્રુવરાત્રીના કારણે સ્વાલબાર્ડમાં કંઈ જનજીવન અટકતું નહોતું. છતાં એય સત્ય હતું કે ચોવીસ કલાક પથરાયેલા રહેતા ઘોર અંધકારની વચ્ચે બહાર આવનજાવન અને ચીજવસ્તુઓના ખરીદ-વેચાણની તીવ્રતામાં

નોંધપાત્ર હદે ઘટાડો આવતો. લોંગયરબાઇન ખાતે આવેલા એકમાત્ર સુપરમાર્કેટમાં ધ્રુવરાત્રીની ખરીદી માટે ઠીકઠીક ભીડ હાલ જોઈ શકાતી હતી.

ધ્રુવરાત્રી શરૂ થતાં પહેલાં વિદ્યાર્થીઓની પરીક્ષા પૂરી કરી દેવાનું યુનિવર્સિટીનું આયોજન હંમેશાં રહેતું. જોકે આ સત્રમાં સ્વાલબાર્ડને ધ્રુજાવનારા અલ્પ તીવ્રતાના બે ભૂકંપોના કારણે યુનિવર્સિટી સેન્ટરનું સમયપત્રક જરાતરા ખોરવાયું હતું. પરીક્ષાઓ પંદર દિવસ પાછી ઠેલાઈ હતી. એટલે હવે ધ્રુવરાત્રી શરૂ થવાની સાથે જ કૉલેજની પરીક્ષાઓ શરૂ થવાની હતી, જે લગભગ પંદરેક દિવસ ચાલવાની હતી. ત્યારબાદ એક મહિનો લાંબું વેકેશન પડવાનું હતું.

“નિયો, તારાં મમ્મી પપ્પાએ તારું નામ નિયો કેમ રાખ્યું?” એમિલીએ આંખો મીંચકાવતાં પૂછ્યું. એમિલીએ કાળા રંગના ટી-શર્ટ ઉપર ઘેરા વાદળી અને ઘેરા લાલ રંગની ચોકડીવાળો શર્ટ ચડાવ્યો હતો. આજે એ ગ્રીક સુંદરી વધુ આકર્ષક દેખાઈ રહી હતી.

“તને ખબર નથી એમિ, નિયોનાં મમ્મી પપ્પાને મેટ્રિક્સ ફિલ્મ ખૂબ જ ગમતી. એનો નાયક નિયો લોકોને મેટ્રિક્સ અર્થાત્ માયાજાળમાંથી છોડાવનાર મસીહા બને છે. એમણે એમના દીકરાને લોકોને અજ્ઞાનમાંથી છોડાવનાર મસીહા તરીકે કલ્પીને એનું નામ નિયો રાખ્યું. આપણો નિયો છે પણ એવો જ ને!” જાંબુડિયા રંગના સ્વેટર જેવી આખી બાંયનું ટી-શર્ટ અને ગળી જેવા રંગનું વાદળી પેન્ટ પહેરેલી ઉમાએ વાતમાં માથું માર્યું. એણે એના બદામી વાળ આજે ખુલ્લા રાખ્યા હતા.

અન્ય કૉલેજોમાં વિદ્યાર્થીઓને વાતો કરવા માટે યુનિવર્સિટી બિલ્ડિંગની આસપાસ હરિયાળાં ઘાસનાં આકર્ષક મેદાનો હોય છે, પરંતુ સ્વાલબાર્ડના ભૌગોલિક સંજોગોમાં એ શક્ય બનતું નહીં એટલે યુનિવર્સિટી સેન્ટરની ઇમારતની અંદર જ કેટલીક જગ્યાઓ ખાલી રાખવામાં આવી હતી. ત્યાં મૂકેલી સુઘડ બેઠકોમાં આરામથી બેસીને વિદ્યાર્થીઓ ચર્ચા કરી શકે. એવી જ એક જગ્યાએ બેસી નિયો અને ઉમા પરીક્ષાની ચર્ચા કરી રહ્યાં હતાં. એમિલી હળવેકથી એમની બાજુમાં આવીને બેસી ગઈ હતી.

"હા એમિલી, મેટ્રિક્સ ફિલ્મના નાયક નિયોના નામ પરથી મારું નામ નિયો રાખવામાં આવ્યું છે." આખરે નિયોએ મોઢું ખોલ્યું.

"એટલે તારા પપ્પા... તારા પપ્પા કિઆનૂ રિવ્સના પ્રશંસક હતા?" એમિલીએ વાત આગળ ચલાવી.

"હા, મારાં મમ્મી પપ્પા નિયોના પાત્રના અને એ પાત્ર નિભાવનાર અદાકાર કિઆનૂ રિવ્સના પ્રશંસક હતા. હકીકતમાં મારું નામ નિયો રાખવાનું સૌપ્રથમ સૂચન મારી મમ્મીનું હતું. મારા પિતાએ પછીથી એ પ્રસ્તાવને સહર્ષ વધાવી લીધો હતો." નિયોએ યાદો વાગોળી.

"એમિ, તું અહીં નવી છે એટલે તને કદાચ નિયોના પપ્પા વિશે વધુ માહિતી નહીં હોય. આ નિયો એ બધું ક્યારેય નહીં કહે એટલે હું તને જણાવું. નિયોના પપ્પા એક નાની પ્રાઇવેટ લાઇબ્રેરી બનાવીને ગયા છે. સ્વાલબાર્ડના આબાલવૃદ્ધ સૌ એ લાઇબ્રેરીનો લાભ લે છે." ઉમાએ ઉત્સાહિત સ્વરે કહ્યું.

"હેં! લાઇબ્રેરી? એ પણ પ્રાઇવેટ લાઇબ્રેરી? સ્વાલબાર્ડમાં?" એમિલીને જોરદાર આશ્ચર્ય થયું.

"હા એમિ, સ્વાલબાર્ડની જાહેર લાઇબ્રેરી અને યુનિવર્સિટી સેન્ટરની અંદર આવેલી લાઇબ્રેરી એમ કુલ બે સરકારી લાઇબ્રેરી ઉપરાંત નિયોના ઘરની બાજુમાં બનાવવામાં આવેલા એક મોટા ઓરડામાં તેમની પ્રાઇવેટ લાઇબ્રેરી છે. નિયોના પપ્પાની પસંદગીનાં અનેક પુસ્તકો ત્યાં ઉપલબ્ધ છે. સ્વાલબાર્ડમાં રહેતાં કોઈપણને એનો લાભ લેવાની છૂટ છે. ત્યાંના સભ્યપદની કોઈ ફી નથી. નિયોના પપ્પા ખરેખર મહાન માણસ હતા." ઉમા અહોભાવથી નિયો સામે જોઈ રહી.

"આ તો અદ્‌ભુત કહેવાય. સ્વાલબાર્ડ એમનું સદાય ઋણી રહેશે." એમિલી બોલી.

"હાસ્તો વળી. એના પપ્પાનાં અન્ય કેટલાંક પુસ્તકો એવાં પણ છે જે એમણે માત્ર નિયોને જ આપ્યાં છે. એમનાં ત્રણ કે ચાર પુસ્તકો તો પ્રકાશિત પણ થયેલાં છે. બાકીનાં લખાણો માત્ર નિયો પૂરતાં મર્યાદિત છે. નિયો, કઈ ભાષામાં પ્રકાશિત થયાં છે એ પુસ્તકો? અ... ગુજરાતીમાં, બરાબર ને!"

“હા ઉમા, મારા પપ્પાએ કુલ ચાર પુસ્તકો લખ્યાં હતાં. એ તમામ ગુજરાતી ભાષામાં છે. ગુજરાતી ભાષા ભારતની શ્રેષ્ઠતમ ભાષાઓ પૈકીની એક છે. પપ્પા એમનાં પ્રકાશિત થયેલાં ચાર પુસ્તકો ઉપરાંત બીજા લેખકોનાં ૧૦૦ પુસ્તકો મને અંગત ભેટ સ્વરૂપે આપીને ગયા છે. તેઓ આ પુસ્તકો ખાસ મારા માટે જ મૂકીને ગયા છે.”

“વાહ...” ઉમા ઉવાચ.

“જોકે પપ્પા એનાથી પણ કંઈક સવિશેષ વારસો મારા માટે મૂકી ગયા છે.” છતના ખૂણે તાકી રહેલો નિયો બોલ્યો.

“એ શું?” એમિલી અને ઉમા લગભગ એકસાથે બોલી ઊઠ્યાં.

“જુઓ, ભારતના મહાનતમ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના જીવનની એક ઘટનાનું ઉદાહરણ આપીને હું મારી વાત સમજાવું. રામાનુજન કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે ભણવા ગયા. બ્રિટનના મહાન ગણિતશાસ્ત્રીઓ જી.એચ.હાર્ડી અને જહોન લિટલવુડ સમક્ષ રામાનુજને પોતે તારવેલાં ગાણિતિક સમીકરણોની દળદાર ડાયરી રજૂ કરી ત્યારે એ બંને ધુરંધર ગણિતશાસ્ત્રીઓ અચરજ પામી ગયા અને બોલી ઊઠ્યાં કે આ ડાયરીમાંનાં સમીકરણોને ઉકેલતા ઉકેલતા આખો એક જન્મારો નીકળી જશે. ત્યારે રામાનુજને થેલામાંથી હળવેકથી બીજી દળદાર ડાયરી કાઢી મેજ પર મૂકતા શાંતિથી અને વિનમ્રતાથી કહ્યું કે કદાચ બે જનમ પણ નીકળી જાય. હાર્ડી અને લિટલવુડ મોંમાં આંગળા નાંખી ગયા.”

વાત હજી અડધી થઈ ત્યાં એમિલી અને ઉમાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ લોકોય હાર્ડી અને લિટલવુડની જેમ મોંમાં આંગળા નાખી ગયા.

“બિલકુલ એ જ રીતે મારા પપ્પા એમની રોજનીશીસમાન ઘણીબધી દળદાર ડાયરીઓ મને સોંપતા ગયા છે. પપ્પા મારા માટે જીવનભર ન ખૂટે એટલું મોટું ભાથું મૂકતાં ગયા છે. એમનું અસરકારક લખાણ મને જીવન જીવવાની અનંત પ્રેરણા આપે છે. તમે માનશો નહીં પણ જ્યારેજ્યારે મને એમ થાય કે હું અટક્યો છું, હું હતાશ છું, નિરાશા મને ઘેરી વળી છે ત્યારેત્યારે મને પપ્પાનો અદૃશ્ય અવાજ સંભળાય છે. એ હંમેશાં કહે છે કે ચાલ ઊઠ, ઊભો થા. તારા લક્ષ્યને વીંધી નાખ.”

"વાહ નિયો વાહ, તને જેવા પિતા મળ્યા એવા સૌને મળજો." એમિલી બોલી ઊઠી. ઉમા એમિલી તરફ ત્રાંસી આંખે જોઈ રહી.

"આજે પણ મને એમ જ લાગ્યા કરે છે કે પપ્પા અહીં જ, મારી આસપાસ જ ક્યાંક છે. એમની હાજરીનો અહેસાસ મને સતત થયા કરે છે. એ અદૃશ્ય રીતે હાજર રહીને મારું ધ્યાન રાખી રહ્યાં છે. મને ક્યાંય પણ તકલીફ પડે તો એ મારી મદદ માટે હંમેશાં તત્પર હોય છે. ખાસ તો એ મને ક્યારેય હતાશ થવા દેતા નથી. એમની વાતો મારામાં અનેરો જોમ અને જુસ્સો ભરી દે છે." આટલું કહેતાં તો એ મરદની આંખોના ખૂણે સહેજ ભીનાશ બાઝી ગઈ.

એના એક ખભે એમિલીએ અને બીજા ખભે ઉમાએ હાથ મૂકી એને સાંત્વના આપી.

• • •

નિયોના ઘરનું દૃશ્ય પણ ખાસ અલગ ન હતું. નિયો કૉલેજમાં હતો એટલે નિયોનાં માતા હાલ ઘરે એકલાં હતાં. એમના માટે આ એકલતા રોજની હતી. એમણે નિયોના પિતાનો ફોટો હાથમાં લીધો. ફોટાને છાતીસરસો ચાંપી એ હૃદય ઠાલવી રહ્યાં.

"નિયોના પપ્પા, મેં તમને હંમેશાં મારા પ્રાણથીય વધુ ચાહ્યાં છે. તમારા જવાની સાથે મારા પ્રાણ પણ ચાલ્યા ગયા. હવે તો મારું નિર્જીવ અસ્તિત્વ ટકી રહ્યું છે. હવે હું મારા માટે નહીં પણ મારા નિયો માટે જ જીવું છું. મારા નિયોના સહારે જ હું ટકી રહી છું. અને હા, મને તમારા હોવાનો અહેસાસ સતત થતો રહે છે. હું તમને મારી આસપાસ જ ક્યાંક અનુભવી શકું છું. મને ખબર છે કે તમે મારી આસપાસ હાજર છો અને મારું ધ્યાન રાખી રહ્યાં છો. મને તકલીફ ન પડે એની કાળજી લઈ રહ્યાં છો. કદાચ તમારા અદૃશ્ય ટેકાના કારણે હું ટકી શકી હોઉં એમ પણ બને. પણ સાચું કહું, હવે હું થાકી છું. હું તમને ખૂબ જ યાદ કરું છું. તમારા વિના જીવવાનું હવે નથી ફાવતું. મારો નિયો ભણીગણીને વ્યવસ્થિત જગ્યાએ સેટ થઈ જાય અને ઉમા જેવી ઉમદા દિલની છોકરી સાથે એનાં લગ્ન કરાવી દઉં એટલે હું મારી જવાબદારીમાંથી મુક્ત થાઉં. પછી હું તમારી પાસે જ આવતી રહેવા

માંગુ છું. અસ્તિત્વના આ બહુપરિમાણીય રંગમંચના અન્ય કોઈ પરિમાણમાં આપણે બંને ફરી મળીશું. તમારા વગર હું હંમેશાં અધૂરી રહીશ. હું આ પૃથ્વી પર છું ત્યાં સુધી મારા દરેક શ્વાસે તમને યાદ કરીશ. એ પછી યાદ કરવાની જરૂર નહીં રહે, કારણ કે એ પછી તો આપણે બંને એક થઈ જઈશું. આઈ લવ યુ ડિઅર."

રૂપલનાં આંસુઓ નિયોના પિતાની છબી પર ટપક્યાં. દુપટ્ટાથી એ છબીને પાંચેક વાર લૂછ્યાં બાદ રૂપલ જરા સ્વસ્થ થયાં. જોકે એમના ગળે બાઝેલો ડૂમો કેમે કરીને જતો નહોતો.